# <u>ચુકાદો</u> <u>ક્રિ.કેસ નંબર</u>

૧. આ કામના આરોપી/ આરોપીઓ સામે ધી જી.પી.એ.ક.૧૧૦/૧૧૭ મુજબના ગુન્હાનું ચાર્જશીટ નરોડા પો.સ્ટે. ધ્વારા અત્રેની કોર્ટમાં રજુ કરવામાં આવેલ છે.

ર. આરોપી/ આરોપીઓ ના. અદાલત રૂબરૂ હાજર થતાં તેને, તેની સામેના પોલીસ તપાસનાં કાગળોની નકલો આપવામાં આવેલી છે.

૩. આરોપી/ આરોપીઓને તેઓની સામેના ગુનાની હકીકત વાંચી સંભળાવી, સમજાવતાં, આરોપી/ આરોપીઓએ તેમની સામેના ગુન્હાનો સ્વૈચ્છિક રીતે ઈકરાર કરેલો છે અને તે બાબતની આરોપી/આરોપીઓએ લેખિત પુરશીશ આપી જાહેર કરેલ છે કે તેમની સામે ફરમાવેલ ગુનો તેમને કબુલ, મંજુર છે. તેઓ ખૂબ જ ગરીબ વ્યકિત છે અને તેમની આર્થિક પરિસ્થિતી ખૂબ જ નબળી છે અને તેમના વિરૂઘ્ધ દંડનો હુકમ કરવામાં આવે તો તેમની આર્થિક પરિસ્થિતી ભાંગી પડે તેમ છે. આ તેમનો પ્રથમ ગુન્હો છે અને હવે પછી આવા પ્રકારનો કોઈ પણ ગુન્હો નહી કરવાની ખાત્રી આપે છે. આ તમામ હકીકતો ઘ્યાને લઈ તેઓએ ઓછી સજા કરવા તથા તેમના પર દયા રાખવા અરજ ગુજારેલી છે. આમ, આરોપી/ આરોપીઓએ, તેમની સામેના ગુનાનો સ્વેચ્છાએ ઈકરાર કરેલો છે અને તે બાબતની તેઓએ ગુના કબુલાતની લેખિત પુરશીશ આપેલી છે. આમ, આરોપી/ આરોપીઓના ઉપર જણાવેલા સંજોગો અને તેની દયાની અરજને ઘ્યાને લેતાં આરોપીઓ ઉપર દયા બતાવી ન્યાયના હિતમાં હું નીચે મુજબનો આખરીહુકમ કરું છું.

## <u>હુ ક મ</u>

ક્રિ.પ્રો.કોડની કલમ રપપ(૧) મુજબ આ કામના આરોપી/ આરોપીઓને તેમની સામેના ધી.જી.પી.એ.ક. ૧૧૦,૧૧૭ મુજબના ગુન્હા માટે તકસીરવાર ઠરાવવામાં આવે છે અને સદર ગુન્હા સબબ આરોપી/ દરેક આરોપીને કોર્ટ ઉઠતાં સુધીની સજા તથા આરોપી/ દરેક આરોપીનો રૂા. ૧૦૦/−(અંકે રૂપિયા સો પુરા ) દંડ ફરમાવવામાં આવે છે.

હુકમ આજ તા. ૧૪/૧ર/'૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરીને,વાંચી સંભળાવી જાહેર કર્યો.

( એચ.એસ.પટેલ)
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નંબર ૧૮,અમદાવાદ.
( UIC NO.GJ00969 )